**રેન્જ ફોરેસ્ટ ઓફિસરની ભરતી પ્રક્રિયા બાબત**

*15/4/1104 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૩ ના રોજ સભગૃહમાં રજૂ થયેલ * પ્રશ્ન ક્રમાંક-૮૪૩ (અગ્રતા-૭૩)ના અનુસંધાને માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:-**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | જી.પી.એસ.સી. એ હાથ ધરેલ જાહેરાત ક્રમાંક:૨૦૯/૨૦૦૯-૧૦ વન વિભાગની રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતી પ્રક્રિયાને ૧૩ વર્ષ પૂર્ણ થયા બાદ પણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ નથી તેમાં પસંદ પામેલ ૬ મહિલાઓ પૈકી ૪ SEBC મહિલા ઉમેદવારોને નિમણૂંક સંબંધિત કાર્યવાહી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરી SEBC ની ૪ મહિલા ઉમેદવારો પૈકી કેટલી મહિલા ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવી, | (૧) | જી.પી.એસ.સી. એ હાથ ધરેલ જાહેરાત ક્રમાંક:૨૦૯/૨૦૦૯-૧૦ વન વિભાગની રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને મદદનીશ વન સંરક્ષકની ભરતી પ્રક્રિયામાં બાકી રહેલ ૬ મહિલા ઉમેદવારો પૈકી ૪ SEBC મહિલા ઉમેદવારોને વિભાગના તા.૨૫/૧૦/૨૦૨૩ ના પત્રથી તેમની નિમણૂંક અંગે સંમતિ પત્ર મંગાવવામાં આવેલ હતા. જે પૈકી ૩(ત્રણ) ઉમેદવારોએ સંમતિ આપેલ છે. જ્યારે એક મહિલા ઉમેદવાર જોડાવા માંગતા નથી. (કોઈ સંમતિપત્ર આપેલ નથી કે વિભાગ સમક્ષ હાજર થયેલ નથી / રજૂઆત આપેલ નથી.) આથી કુલ-૦૩ ઉમેદવારોના પોલીસ વેરિફિકેશન, જાતિ પ્રમાણપત્રોની ચકાસણી અને તબીબી તપાસણીની કાર્યવાહી હાલમાં ગતિમાં છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને | | સંબંધિત ઉમેદવારોના પોલીસ વેરિફિકેશન, જાતિ પ્રમાણપત્રોની ચકાસણી અને તબીબી તપાસણીની કાર્યવાહી હાલમાં ગતિમાં હોઈ, સદર તમામ કાર્યવાહી પૂર્ણ થયેથી નિમણૂંક સંબંધી તમામ લાયકાતો સંતોષતા ઉમેદવારોને સંબંધિત જગ્યા માટે નિમણૂંક આપવામાં આવશે. |
| (૩) | ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | | |

----------